શ્રી મુલુંડ વર્ધમાન જૈન સ્થાનાકવાસી સંઘ (મોટો ઉપાશ્રય)નાં સાથ સહકાર થી અને રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ શ્રી નમ્ર મુનિ મહારાજ સાહેબ ની પ્રેરણાથી ચાલતા અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સંચાલિત એસ. એલ. રોડ પર મોટા ઉપાશ્રય મધ્યે, વિજય સોસાયટી હોલ ની બાજુ માં ફક્ત ૫/- રૂપિયા માં શુદ્ધ સાત્વિક દાળ ભાત ભરપેટ (અનલિમિટેડ) જમવાની વ્યવસ્થા દરરોજ બપોર નાં ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન ચાલુ કરવામાં આવી છે. સોમવાર, તા.૨૫ માર્ચથી શરૂ થયેલી આ સેવા કોઈ પણ પ્રકાર નાં જાતિ ભેદ વગર આપવામાં આવતી હોવાના કારણે રોજ ૭૦ થી ૮૦ લોકો હાલ માં આ સેવા નો લાભ લઇ રહ્યા છે જે સંખ્યા આવનાર દિવસો માં હજુ પણ વધશે એવું જણાઈ રહ્યું છે.

---




## કારણ વગર શ્વાનને બે વાર લાત મારનારને ટોકનાર પડોશી મહિલા પર ચાકુથી હુમલો કરનાર સનકી આરોપી મુલુંડની પોલીસ કસ્ટડીમાં

મુલુંડ (વે)માં વૈશાલીનગરમાં ૫૦ વર્ષની એક મહિલા ચાલીમાં પોતાના ઘરની બહાર બેઠી હતી. એ સમયે દિનેશ બોરીચા ત્યાંથી પસાર થતો હતો અને ત્યાં બેસેલા એક શ્વાનને તેણે ઇરાદાપૂર્વક બે વાર લાત મારી હતી. શ્વાન તમને હેરાન નથી કરતો તો પછી એને લાત શા માટે મારી એમ મહિલાએ તેને પૂછ્યું હતું. આ સાંભળીને દિનેશ ગુસ્સે થઈ ગયો હતો અને પેલી મહિલા સાથે દલીલ કરવા લાગ્યો હતો. દલીલો સાંભળીને મહિલાના સંબંધીઓ તેને બચાવવા દોડી આવ્યા હતા. જોકે દિનેશ બોરીચાએ અચાનક જ ખિસ્સામાંથી ચાકુ કાઢ્યું હતું અને તેના પર હુમલો કરવા લાગ્યો હતો. આ ઝથડા દરમિયાન દિનેશ કરવા લાગ્યો હતો. આ મહિલા અને બોરીચાએ મહિલાના પેટમાં ચાકુ માર્યું દિનેશ બોરીચા અને મહિલા બંન્ને પાડોશી છે.

આ સમયે પોલીસનું પેટ્રોલ વેહિકલ ત્યાંથી પસાર થતું હતું. લોકોના ટોળાને જોઈને પોલીસે વાહનને રોક્યું હતું. ત્યાર બાદ દિનેશ બોરીચાની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે હુમલાનો ભોગ બનેલી મહિલા અને અન્ય વ્યક્તિને સારવાર માટે સાયન હોસ્પિટલમાં મોકલવામાં આવ્યાં હતાં.

ઘાયલ થયેલા બન્નેની તબિયત સારી છે, પણ હજી સુધી તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા નથી. 'ઊલટતપાસ દરમિયાન દિનેશ બોરીચાએ જણાવ્યું હતું કે તે પોતાની સલામતી માટે ચાકુ હંમેશાં સાથે રાખતો હતો. જોકે અમને ખબર પડી છે કે તેને કોઈ માનસિક બીમારી છે અને તેનો સ્વભાવ ગુસ્સાવાળો છે. તેને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં છઠ્ઠી એપ્રિલ સુધી પોલીસ-કસ્ટડીમાં રાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો.'

# સિદ્ધિના દાતા અને સમભાવનાના અધિષ્ઠાતા શ્રી દરિયાલાલના ઘેગ મહોત્સવમાં લોહાણા સમાજના સૌ ભાવિકોને ભાવભર્યું નિમંત્રણ



શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડના નેજા હેઠળ ચૈત્રી બીજ, બુધવાર, તા. ૧૦ એપ્રિલ ૨૦૨૪ના લોહાણા સમાજના ઇષ્ટદેવ શ્રી દરિયાલાલ દાદાની જન્મજયંતિ નિમિત્તે દરિયાલાલની ઘેગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ અંતર્ગત આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ) સ્થિત મહાજન વાડીમાં સવારના ૯ કલાકે શ્રી દરિયાલાલ દાદાનું પૂજન તથા નૂતન ધ્વજારોહણ, સવારના ૧૦ કલાકે આરતી અને ત્યારબાદ સવારના ૧૦ કલાકથી રાત્રે ૧૦ કલાક સુધી દડિયા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ, એલ. બી. એસ. રોડ મુલુંડ (વેસ્ટ)માં સાંજે ૬.30 વાગ્યે સમૂહ આરતી, સાંજે ૭-00થી રાત્રે ૧૦ સુધી ભક્તિબેન આસાની તથા સાથી કલાકારો દ્વારા સંગીતમય ભજન સંધ્યા અને સાજે ૭ થી રાત્રે ૧૧ કલાક સુધી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેડીમાં શ્રી ઝૂલેલાલનું ભક્તિભાવપૂર્વક પૂજન અર્ચન કરી તેમના અવિરત આશિર્વાદ મેળવવા માટે ઊંચ-નીચ, ગરીબ તવંગરના ભેદભાવ વિના લોહાણા સમાજના સર્વ વડીલો, માતાઓ, યુવક-યુવતીઓ અને બાળકોને સહકુટુંબ પધારવા સ્નેહભર્યું નિમંત્રણ આપવામાં આવ્યું છે.

મુલુંડ લોહાણા સમાજની વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિથી ઢેગના આયોજકોને તો આનંદ થશે જ પરંતુ સહુ પર સમાન ભાવે કૃપા વરસાવતા શ્રી દરિયાલાલ પણ તેમના ભાવિકોની એકતા જોઇને અંતરથી રાજીપો વ્યક્ત કરશે.

આ અંગે આ ઘેગ મહોત્સવના આયોજકોએ જણાવ્યું હતું કે પરમ વંદનીય અને લોહાણા સમાજના ઇષ્ટદેવ શ્રી દરિયાલાલ વરુણ દેવતાના અવતાર છે. વરૂણ એટલે જળ અથવા પાણી. એ જળ આકાશમાંથી અનરાધાર વરસતા વરસાદરૂપે હોય, જે કોઈ જાતના અમીર-ગરીબના ભેદભાવ વિના સૌને માટે, સૌની ઉપર સમાન ભાવે વરસે છે, કે પછી એ વરુણ દેવતા હર્ષથી હિલોળા લેતા સાગરરૂપે હોય, જે સૌની નાની કે મોટી જીવન-નૈયાને કોઈ ભેદભાવ વગર ભવપાર કરાવે છે. તે જ રીતે આપણે સૌ દરિયાલાલના ભક્તો આપણી વચ્ચેના ગમા-અણગમા, ઊંચ-નીચ, ગરીબ-તવંગરના ભેદભાવ, ઈગો કે સંકોચ દૂર કરી સંપ, સહકાર અને એકતાની ભાવનાથી વિશાળ સંખ્યામાં ભેગા મળીએ અને શ્રી દરિયાલાલ દાદાની આ ઘેગમાં સૌની ઉપર સમાનભાવે કૃપા વરસાવતા શ્રી દરિયાલાલની પૂર્ણ ભક્તિભાવપૂર્વક પૂજા, અર્ચના, આરતી અને ભજન આરાધના કરીએ. જય દરિયાલાલ!!

**- મહાજનના ટ્રસ્ટીગણ**

## શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ (મુલુંડ) દ્વારા ચેકનાકા ખાતે શ્રી દરિયાલાલ જન્મ જયંતિ ઉજવણીનું આયોજન

શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ (મુલુંડ) આયોજીત શ્રી દરિયાલાલ જન્મ જયંતિ ઉત્સવનું આયોજન સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ ૨ને બુધવાર, તા. ૧૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ શ્રી જલારામ મંદિર, શેઠ બબનરાવ પડવલ સ્કૂલની સામે, પડવલનગર, ચેકનાકા, વાગલે એસ્ટેટ, થાણે ખાતે કરવામાં આવ્યું છે. ઉત્સવ દિવસના યોજનાર કાર્યક્રમની રૂપરેખા મુજબ આરતી સાંજે ૭.30 કલાકે, જાહેર સમૂહ મહાપ્રસાદ સાંજે ૮ થી ૧૧ સુધી રહેશે. સર્વે ભાવિક ભક્તોને પધારવા આમંત્રણ છે.


RUNNING Hospital FOR SALE (MULUND WEST)

With T-Ward Registration

- SEPARATE ENTRANCE
- FIRE COMPLIANT
- SEPARATE B.M.C. Water Connection

Fully Equipped, Ready to Move & Start From Day One

2 CONSULTING Room, 1 O.T., 1 Minor OT

AREA 2250+ 890 Terrace

TOTAL BEDS-15
- 1 Suite
- 3 Twin Sharing
- 3 Single
- 2 General Wards (3 Beds + 2 Beds)
- 2 Waiting Rooms

All Rooms are Air Conditioned & Self Contained

Two INVERTERS 1 for OT & 1 for Rest of Rooms

Fully Marble & Stone Interior Maintenance FREE

FOR VISIT CONTACT : NARENDRA THAKKER

7303418181 & 8928864925






Mulund (East)

Discounted Health Checkup

BLOOD TEST PACKAGE

TEST
- CBC
- VIT. D3
- T3, T4, TSH
- HbA1c
- VIT. B12
- LIPID PROFILE

AT Rs.1500/- only

Mulund (East) NEAR RLY. STATION

SINCE 1963


@Dr.JAYANT MANDOT Pathology Lab Mulund (East).

Address: 102, Jai Laxminarayan Bldg., Opp.Prashant Hotel, L.T.Road, Mulund (East).

Home Visit Available in Mulund

Note :
- Special Discount on other Blood Test Also,
- Offer Valid for Limited Period.

Contact : 022-2163 7380, 87792 00271



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા. ૧૦ એપ્રિલ - ૧૬ એપ્રિલ ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** સાચી દિશામાં આગળ વધવા અંતરના અવાજને અનુસરવાનો સમય છે. ધીરજ રાખતા શીખો અને જે થોડી ઘણી સમસ્યાઓ દેખાય છે એ હવે દૂર થઈ જશે. વેપારમાં વિસ્તરણ કરવાનો કે આગળ જતા ટકી રહે એવી પાર્ટનરશિપ કરવાનો યોગ્ય સમય છે. જોકે એ માટે સખત કામ કરવાની તૈયારી પણ રાખવી પડશે. સ્થળાંતર કરવા કે અન્ય સ્થળે રહેવા જવાની ઈચ્છા હશે તો થોડા વખતમાં જ શુભ સમાચાર મળશે. લાંબા સમયથી જે પ્રવાસ વિચાર્યો હશે એ હવે સાકાર બનશે એમ જણાય છે. પડવા-વાગવાના યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** સંતાનો પાછળ સમયનો ભોગ આપવો પડશે. લોકો પર શંકા ન કરો, તેમને મદદ કરો, સમજ્યાને?

**વૃષભ (બ,વ,ઉ) :** એક તરફ કામનો ભારે બોજો હશે અને બીજી તરફ ઊકેલી ન શકાય એવી પરિસ્થિતિનો સામનો પણ કરવો પડશે. હાલ તમારા વ્યક્તિત્વના ઊચ્ચ પાસાંઓને ખીલવવાનો સમય છે. એકાંતમાં બેસી વિચારવામાં, ધ્યાન અથવા પ્રેરણાત્મક સાહિત્ય વાંચવા પાછળ વધુ સમય ગાળવાનો પ્રયાસ કરો. ગેરસમજ દૂર કરી સત્ય કેમ શોધવુ એ જાણવા આધ્યાત્મિક દુનિયાદારીની સમજનો સહારો લેતા રહો એવી મારી ખાસ સલાહ છે. કામકાજની વ્યસ્તતા અને ભાવનાત્મક સંબંધો વચ્ચે સમતુલા જાળવો. ફેમિલી મેમ્બરોની ભૂલ સુધારવા પ્રેમથી શિખામણ આપજો. **સ્ત્રીવર્ગ માટે :** તમારી લાગણીશીલતાનો લાભ કોઈ ઊઠાવે નહી એનું વિશેષ ધ્યાન રાખો.

**મિથુન (ક,છ,ઘ) :** આમ તો તમે ખૂબ સહનશીલ છો. પણ એક વખત ગુસ્સો આવી જાય તો તમે એને કાબૂમાં રાખી નથી શકતા એનું આશ્ચર્ય છે. જે સ્થિતિ બદલી નથી શકતા એને જતી કરવામાં આટલો વિલંબ શા માટે? ભૂતકાળના વિચારોમાં ડૂબેલા રહેવાને બદલે મક્કમ પગલા સાથે આગળ વધો એવી મારી ખાસ સલાહ છે. બિનજરૂરી કાર્યો પર લક્ષ આપવાને બદલે મહત્વના કાર્યો પર ધ્યાન આપો. તમારી તમામ શક્તિને કામકાજ પાછળ કામે લગાડો. આમ કરશો તો ધારતા હશો એ કરતા પણ ઝડપથી સારા પરિણામો મળશે અને તમારો ઊત્સાહ વધી જશે. **સ્ત્રીવર્ગ માટે :** સમજદારી અને શાંત અભિગમથી દાંપત્ય જીવનમાં સમગ્રપણે સુધારો લાવી શકશો.

**કર્ક (ડ,હ) :** હાલના પરિવર્તન અને પ્રગતિના સમયને કુદરતી રીતે આગળ વધવા દો. જીવનસાથી સાથે સંબંધો દૃઢ બનાવવા આ સમય પોઝિટિવ છે. સહનશીલ બનશો તો ટેન્શન દૂર રાખી શકશો. તમારી આંતરિક શક્તિ અને વ્યવહારુતા સાથે પ્રેમ તેમજ અન્યની કાળજી લેવાની ભાવનાથી અન્યને આકર્ષી શકશો અને સંબંધીઓ પણ સ્પષ્ટ સલાહ મેળવવા માટે પ્રથમ તમારી તરફ નજર દોડાવતા રહેશે એમ જણાય છે. સલામત યોજનાઓમાં થોડા પૈસા ઈન્વેસ્ટ કરી આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા તરફ ધ્યાન આપજો. વડીલોના સ્વાસ્થ્ય તરફ પણ લક્ષ આપજો. **સ્ત્રીવર્ગ માટે :** અહમ્‌ને છોડશો તો મુશ્કેલ સમસ્યા ઊકેલી શકશો.

**સિંહ (મ,ટ)** : હાલનો સમય આત્મમંથનનો છે. નુકસાનકારક આદતમાંથી છુટકારો મેળવીને અને ભૂલોનું પુનરાવર્તન ન કરવાની પ્રતિજ્ઞા કરી યોગ્ય માર્ગ પર આગળ વધી શકશો. જોખમોનો સામનો કરવા શક્તિઓનું સંયોજન કરો અને સમસ્યા વણસે એ અગાઊ તમારી બુધ્ધિને કામે લગાડો એવી મારી સલાહ છે. ફેમિલીની ફાઈનેન્સની સમસ્યાઓ ઉકેલવાની અને કાનૂની દસ્તાવેજોનું અધ્યયન જેવી બાબતોમાં વ્યસ્ત રહેવું પડશે. જેમના પર ભરોસા હોય તેવા મિત્રોનું માર્ગદર્શન મેળવો તો સારું. અપરિણોતોને રસપ્રદ હશે એવી વિજાતીય વ્યક્તિ સાથે મુલાકાત થશે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા પ્રિયજનને કોઈક ચિંતા સતાવી રહી છે એનો ઊપાય શોધી કાઢો.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારી ચીવટની આદતને કારણે પ્રત્યેક કામ જાતે કરવાનો આગ્રહ રાખી રહ્યા છો. અત્યારે તમે કેવી રીતે કામ કરી રહ્યા છો એના પર હવે પછીની કર્મની ગતિનો આધાર છે. નિયમોનું કડકાઈથી પાલન કરવાનું અને વધુ પડતી ટીકા કરવાનું ટાળો. અનેક કાર્યો બાકી હોવાથી અન્ય લોકોને પણ કામ ફાળવો એવી મારી સલાહ છે. જોખમી અને લલચામણું વળતર આપે એવી સ્કીમો કરતા સલામત અને લાંબા ગાળાનું રોકાણ કરજો. એકાદ વડીલ સાથે મતભેદ થશે, પણ પછી તમને સમજાશે કે તેઓ સાચા હતા. વાહન અકસ્માતમાં ઇજા થઈ શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** સહેજ ચેન્જ ખાતર તમારા વિશે વિચારો. લોકો શું કહેશે એવી ચિંતા ન કરો, સમજ્યાને?

**તુલા (ર,ત)** : હાલનો સમય હસી-મજાકનો, મિત્રોને મળવાનો, નવા મિત્રો બનાવવાનો અને લોકો પર પ્રભાવ પાથરવાનો છે. આવા સમયમાં એકધારુ યંત્રવત્ કામ કરવાનો કંટાળો આવશે. નોકરી માટેની નવી ઓફર સ્વીકારવાની લાલચને વશ ન થશો. હાલ શેર-સટ્ટામાં ઈન્વેસ્ટ કરવા યોગ્ય સમય નથી. અચાનક વધારાની આવક ઊભી થઈ જતા બચત કરવાની ખાસ સલાહ છે. નજીવુ ઇન્ટિરિયર ડેકોરેશન કરો એવી શક્યતા છે. એની ખરીદીમાં થોડો સમય વ્યતીત થશે એમ દેખાય છે. નવું વાહન ખરીદી શકો છો અને વિદેશ પ્રવાસના યોગ પણ છે. **સ્ત્રીવર્ગ માટે :** ભૂતકાળના વિચારો કરવાને બદલે હાલ તમારી પાસે જે છે એનો આનંદ માણો.

**વૃશ્ચિક (ન,ય)** : ભૂતકાળમાં જે પ્રયાસો કર્યા હશે એની સંપૂર્ણ અસર હવે તમે જોઈ રહ્યા છો. એ પ્રયાસોના પરિણામે હાલના સ્થાને પહોંચ્યા છો એમ જણાય છે. અંતરના ઊંડાણથી સાચો પ્રેમ અને લાગણીઓ પ્રગટ કરવાનો સમય છે. જેને અત્યંત ચાહતા હશો એવી વ્યક્તિ સાથે વિદેશ પ્રવાસ શક્ય છે. કર્મની હાલની ગતિમાં પ્રિયજન તમને લાડ લડાવશે અને તમારી કાળજી લેશે. એ જોઈને તમારું મન આનંદથી ઝૂમી ઊઠશે. ખાસ તો ફાઈનેન્સની બાબતમાં તમારાથી તદ્દન જુદા વિચારો ધરાવતા લોકોના વિચારો સાંભળવા પ્રયાસ કરો. એકાદ સોદો પાર પાડવાની ઊતાવળમાં કદાચ એકાદ-બે મુદ્દા ધ્યાન બહાર રહી જવાની શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** હાલ ધીરજ અને સમજદારીપૂર્ણ અભિગમ જાળવવાની સલાહ છે.


**ધન (ભ,ધ,ફ,ઢ)** : હાલના ખલેલવાળા તબક્કામાં એક કદમ આગળ રહી શકશો અને રમૂજવૃત્તિ જાળવી શકશો એમ દેખાય છે. ઈશ્વરે પ્રદાન કરેલી શક્તિને કારણે પ્રિયજનની વણકહી લાગણીઓને અંતરની પ્રેરણાથી સમજી શકશો. જાણે કે તમારુ ત્રીજુ નેત્ર ખૂલી ગયુ હોય એમ લાગશે. અચાનક તમારા વિશેનું વિશાળ ચિત્ર નજર સમક્ષ તરવરવા લાગશે. મન અને વાણી પર સંયમ રાખી શકતા હોવાથી આગળનો માર્ગ એકદમ સરળ બની જશે. તમારા આશ્ચર્ય વચ્ચે પરિવારનો એક સભ્ય અચાનક એકદમ સ્વતંત્રતાથી વર્તવા લાગશે. એને પ્રેમથી સમજાવવાનો આગ્રહ રાખજો. **સ્ત્રીવર્ગ માટે :** મહિલાઓની સંતાન પ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ થશે. સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું.

**મકર (ખ,જ)** : હાલનો સમય હળવાશભર્યો અને રોમેન્ટિક છે. તમે અભિપ્રાયોનું પારસ્પરિક આદાનપ્રદાન કરતા હોવાથી ભાવનાત્મક જીવન સરળતાથી આગળ વધતુ રહેશે. બિઝનેસ સંબંધી વિચાર વિશે મનમાં કોઈ ખચકાટ હોય તો કાઢી નાખજો. લોકો શું બોલે છે એની ચિંતા કર્યા વિના મસ્તીથી જીવવાનો સમય છે. કાળજી લેવાના સ્વભાવને લીધે માતા કે સાસુ સાથેના સંબંધો સારા રહેશે. પૂરતી ઊંઘ તથા આરોગ્યપ્રદ ખોરાક લો એવી મારી ખાસ સલાહ છે. પ્રવાસનો કાર્યક્રમ વિલંબમાં મુકાતા નક્કી કરેલા દિવસે નીકળી નહી શકો એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** અણધારી ભેટ કે પૈસાની બક્ષિસ મળવાની શક્યતા છે. સોના-ચાંદી કે ઘરેણાની ખરીદી શક્ય બને.

**કુંભ (ગ,સ,શ,ષ)** : અત્યાર સુધીમાં મળેલી સફળતા તેમ જ કેટલા મોરચે વિજય મેળવવાનો બાકી છે એનુ વાસ્તવિક મૂલ્યાંકન કરશો તો આગામી રણનીતિ ઘડી શકશો. કીર્તિ પ્રાપ્તિનો સમય શરૂ થઈ ગયો છે. ઘરના મેમ્બરો સાથે સંઘર્ષ ટાળવાની ખાસ સલાહ છે. સંબંધોની બાબત અને ઓફિસમાં અગત્યના નિર્ણયો લેવા પડશે. સલામત અને અગાઊ પ્રસ્થાપિત માર્ગે આગળ વધવુ કે સમસ્યાઓનો પટારો ખોલે એવા પડકારોનો સામનો કરવો એની મૂંઝવણ રહેશે. કશુક આશ્ચર્યજનક બનવાની શક્યતા છે. તમારી પ્રેરણાશક્તિ પર શ્રધ્ધા રાખો અને સંપૂર્ણ આત્મનિર્ભર બનવાના ઊદ્દેશ સાથે આગળ વધો. **સ્ત્રીવર્ગ માટે :** મિત્રો કે સંબંધીઓ ઘરે આવતા ભારે ખર્ચની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ)** : તમારે કામમાં સંપૂર્ણ ડૂબેલા રહેવું પડશે. નજીકના ભવિષ્યમાં એમાંથી કોઈ છુટકારો નહી મળે અને તમને એનો અફસોસ પણ નહી હોય. નિરર્થક વિધિઓમાં અટવાયેલા રહીને મહત્વની કામગીરીને અસર ન પહોંચે એનું વિશેષ ધ્યાન રાખજો. ફેમિલીના યુવાન મેમ્બરોમાં સમજદારી કેળવાય એટલા માટે અવારનવાર તેમને સમજાવવાનો પ્રયાસ કરતા રહેજો. સટ્ટો કરશો તો આ સમયમાં પૈસો ગુમાવો એવી શક્યતા છે. એક ખાસ મૈત્રીમાં સંઘર્ષ ઊભો થવાની શક્યતા છે એટલે એ જાળવી રાખવા ઈચ્છો છો કે નહીં એ વિશે મનોમન નક્કી કરો લો. **સ્ત્રીવર્ગ માટે :** એકાદ નબળી પળ તમને સમાધાન કરવાની સ્થિતિમાં લાવી દેશે. કઈ દિશામાં આગળ વધવું એ વિશે સહેજ વિમાસણ ઊભી થશે.

# તણાવ (Stress)



સ્ટ્રેસ એ એવી સ્થિતિ છે કે આજે મોટા ભાગના લોકો તેનાથી બચી શકતા નથી. કામ (work), અભ્યાસ, બગડતી તબિયત, આર્થિક સંકડામણ કે કૌટુંબિક (family) સમસ્યાઓ એક યા બીજા કારણોસર, લોકો રોજિંદા જીવનમાં તણાવ અનુભવે છે.

આજે તાણ માત્ર કાર્યકરી વ્યાવસાયિકોના જીવનનો એક ભાગ નથી પરંતુ બાળકો, વૃધ્ધો, વિદ્યાર્થીઓ અને યુવતીઓમાં પણ ખૂબજ જોવા મળી રહ્યો છે. જ્યારે તણાવ લોકોના માનસિક સ્વાસ્થ્ય અને શારીરીક સ્વાસ્થ્યને મોટા પાયે અસર કરી શકે છે, ત્યારે તણાવ લોકોની રોજિંદી વર્તણૂક behaviour અને જીવનશૈલી Life Style પર પણ ખરાબ અસર કરી શકે છે.

તણાવ stress લોકોની નિર્ણય લેવાની ક્ષમતા, વિચારવાની ક્ષમતા અને તેમના આત્મવિશ્વાસને પણ ઘટાડી શકે છે. મૂંઝવણ, થાક, અનિદ્રા તણાવને કારણે થઈ શકે છે. રોજના જીવનમાં તણાવને નિયંત્રિત કરવા માટે આ ઉપાયોની મદદ લઈ શકાય છે.

૧) હકારાત્મક વિચારો : બીજા સાથે સરખામણી અને બીજા જેવા બનવાની ઈચ્છા ઘણા લોકોના જીવનમાં ચિંતાનું સૌથી મોટું કારણ છે. તમારા જીવનના સકારાત્મક પાસાઓ જુઓ. તમારા જીવન અને સિધ્ધિઓ માટે આભાર માનાતા શીખો. ઉદાસી, નિરાશા, સ્ટ્રેસની લાગણીનો અનુભવ કરવા મદદ કરશે.

૨) સમસ્યાઓમાં ફસાશો નંહી, તેનો ઉકેલ શોધો : આવેલ સમસ્યાઓનું સમાધાન શોધવાનો પ્રયાસ, મહેનત કરો.

૩) કસરત કરો : શારીરિક-માનસિક સ્વસ્થ રહેવામાં મદદ કરશે. રોજ ૨૦-૩૦ મિનિટની હળવી કસરત કરવી જોઈએ. કસરતથી મગજમાં એન્ડોર્ફિન નામના રસાયણો ઉત્પન્ન થાય છે. જે કુદરતી રીતે થાક, પીડા, અનિદ્રા જેવી સમસ્યા ઘટાડે છે અને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

૪) આહારનું મહત્ત્વ સમજો : બિન આરોગ્યપ્રદ આહાર સ્થૂળતા, હાઈ બ્લડ પ્રેશર, પેટની ચરબી અને તણાવ જેવી સમસ્યાઓમાં વધારો કરે છે. ફળ, શાકભાજી, અનાજ, આરોગો.

૫) આરામ કરવાનું શીખો : ધ્યાન, યોગા, પ્રાણાયમ તકનીકો શીખો. વહેલા સુઈ વહેલા ઉઠવાની આદત પાડો.

૬) ટાઈમ મેનેજમેન્ટ શીખો : સમય, કામનું ટાઈમ ટેબલ બનાવી તેનો અમલ કરતા શીખો. કામ સમયસર પુરું કરવાની આદત શીખો.

૭) તંબાકુ, આલ્કોહોલથી દૂર રહો : અનેક બીમારીથી બચી શકો છો.

૮) તમારા પ્રિયજનો, મિત્રની મદદ લો : સાથે ગુણવત્તા યુક્ત સમય વિતાવો, સોશિયલ મીડિયા પર કનેક્ટ રહો. ગેટ ટુ ગેધર અને સામાજિક કાર્યક્રમોમાં ભાગ લો. ચર્ચા, વાતચીત કરો. સત્સંગ, ભગવાનની ભક્તિ સાથે કરો.

૯) આ લેખ માત્ર જાણકારી માટે છે. તેનો ઉપયોગ પૂર્વે આપના તબીબ અથવા તજજ્ઞોની સલાહ ખાસ લેવી.

- ડૉ.જયંતીલાલ પી.ખોના (LCEM (Mum.)
Ph.: 8779985316



શ્રી શુભ || જય દરિયાલાલ || || જય જલારામ || શ્રી શુભ

# શ્રી કચ્છી લોહાણા મહાજન - મુલુંડ

## ચૈત્રી બીજ ઘેગ મહોત્સવ



## શ્રી ઈષ્ટદેવતા દરિયાલાલ દાદા નું જન્મ જયંતિ મહોત્સવ

| | |
|---|---|
| શ્રી દરિયાલાલ દાદા નું પૂજન તથા નુતન ધ્વજારોહણ | સવારે ૯.૦૦ કલાકે |
| આરતી | સવારે ૧૦.૦૦ કલાકે |
| દર્શન તથા દડિયા પ્રસાદ | સવારે ૧૦.૦૦ થી રાત્રે ૧૦.૦૦ |

**મહાજન વાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ)**
**બુધવાર, તા. ૧૦ એપ્રિલ ૨૦૨૪**

**સમુહ આરતી**
સાંજે ૬.૩૦ કલાકે

**ભજન સંધ્યા**
ભક્તિબેન આસાની તથા સાથી કલાકારો
સાંજે ૭.૦૦ થી રાત્રે ૧૦.૦૦

**મહાપ્રસાદ**
સાંજે ૭.૦૦ થી રાત્રે ૧૧.૦૦

**સ્થળ: રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉંડ, એલ.બી.એસ રોડ, મુલુંડ (વેસ્ટ)**

- મહાપ્રસાદ સૌજન્ય -
સ્વ. નિર્મલાબેન પરસોત્તમભાઈ ગણાત્રા
હસ્તે. સરોજબેન મહેશ ગણાત્રા અને દક્ષાબેન જયેશભાઈ ગણાત્રા (મુલુંડ)
સ્વ. કાનજી મોતીરામ તન્ના પરિવાર (ઘાટકોપર)
સ્વ. શાંતાબેન જમનાદાસ અનમ (મુલુંડ)
હસ્તે :- હરેન જમનાદાસ અનમ અને રાજેશ જમનાદાસ અનમ

આ મહોત્સવમાં આપ સહુ જ્ઞાતિજનો, કુટુંબીજનો અને ભક્તજનોને હાર્દિક નિમંત્રણ છે

લાઇવ પ્રસારણ - HOME CABLE હોમ કેબલ અને જીટીપીએલ ચેનલ નબર ૯૮૫

**નિમંત્રક: શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ ટ્રસ્ટી ગણ**

## ઉડુપી ટુ મુંબઈની પ્રથમ વર્ષગાંઠ પ્રસંગે સ્વાદપ્રેમીઓ એકી અવાજે કહી રહ્યા છે

# 'ગો ઈસ્ટ ઓર વેસ્ટ, ઉડુપી ટુ મુંબઈ ઈઝ ધ બેસ્ટ'





મુલુંડ (વે)માં મદન મોહન માલવિયા રોડ સ્થિત સૌથી મોટા શાકાહારી મલ્ટિ ક્યુઝીન રેસ્ટોરન્ટ ઉડુપી ટુ મુલુંડએ તા.૯ એપ્રિલ મંગળવારે ગુડી પાડવાના દિવસે તેની પ્રથમ એનિવર્સરીની ઉજવણી કરી હતી. ફક્ત એક વર્ષના સમયગાળામાં ઉડુપી ટુ મુલુંડ (યુ ટુ એમ)ની ખ્યાતિ સમસ્ત મુલુંડ અને તેના પરિસરમાં ફેલાઈ ગઈ છે. આજે મુલુંડ સહિત થાણાથી ઘાટકોપર સુધીના પરાઓમાં ભાગ્યે જ કોઈ એવું હોય જેને યુ ટુ એમ વિશે જાણકારી નહીં હશે અથવા તો તેની લિજ્જતદાર સ્વાદિષ્ટ વાનગીઓનો સ્વાદ ન લીધો હોય.

અહીંયા મળતી તમામ પ્રકારની સાઉથ ઈન્ડિયન, પંજાબી, ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ, ઓરિએન્ટલ તેમજ વિવિધ પ્રકારની જૈન વાનગીઓ, અવનવા ડેઝર્ટ ભૂલકાઓથી લઈને મોટેરાઓ તમામને યુ ટુ એમ તરફ વારંવાર આકર્ષે છે.

આ ઝળહળતી સફળતા અંગે રેસ્ટોરાંના પાર્ટનર વિનોદભાઈ ભાનુશાલીએ ગુર્જરમાત સાથે વાત કરતાં જણાવ્યું હતું કે પ્રથમ વર્ષમાં જ મુલુંડ તેમજ આસપાસના પરાંવાસીઓએ આપેલા અભૂતપૂર્વ પ્રતિસાદે અમને ભાવવિભોર કરી દીધા છે. અમે અમારા સૌ માનવંતા સ્વાદપ્રેમી ગ્રાહકોને ગુડી પાડવાની શુભેચ્છા આપતાં તેમનો ખૂબ જ આભાર માનીએ છીએ. બરાબર એક વર્ષ અગાઉ અમે ઉડુપી ટુ મુંબઈની મુલુંડ શાખાનો પ્રારંભ સાંસદ મનોજભાઈ કોટક તથા ધારાસભ્ય મિહિર કોટેચાના હસ્તે કર્યો હતો.

ઉડુપી ટુ મુંબઈની તમે જ્યારે પણ મુલાકાત લેશો ત્યારે અહીં તમને સ્વાદરસિયાઓનો મેળો ભરાએલો જોવા મળશે. અમારા માનવંતા ગ્રાહકો ફક્ત અહીંની વાનગીઓ જ નહીં, પરંતુ અહીંયાનું મેનેજમેન્ટ, ક્લીન્લીનેસ અને ટોપ ક્લાસ સર્વિસીસની પણ મુક્ત મને પ્રશંસા કરતા થાકતા નથી.

અહીં વિશાળ રેસ્ટોરાંની સવલત ઉપરાંત ઉડુપી ટુ મુંબઈમાં ૧૦૦થી ૨૦૦ લોકોની ક્ષમતા ધરાવતા બેન્ક્વેટ હોલની સુવિધા પણ ઉપલબ્ધ છે. અત્રે તમે બર્થ ડે પાર્ટી, કિટી પાર્ટી, કોન્ફરન્સ, ગેટ ટુ ગેધર સહિત નાના-મોટા ફંક્શન કરી શકો છો.

વિનોદભાઈના જણાવ્યા મુજબ 'ગ્રાહકનો સંતોષ એજ અમારો નફો'. તેથી જ સ્વાદ અને સર્વિસથી સંતોષ પામેલા ગ્રાહકો ફરીફરી અહીં આવે છે.

**અહીંના બેન્ક્વેટ હોલમાં બર્થ કે પાર્ટી, કિટી પાર્ટી, કોન્ફરન્સ, ગેટ ટુગેધર જેવા કાર્યક્રમોનું આયોજન કરવા માટે આપ 9967707784 પર સંપર્ક કરી શકો છો અથવા રેસ્ટોરાંની જાતે મુલાકાત લઈ શકો છો.**

આગામી લોકસભાની ચૂંટણી માટે ભાજપાના ઈશાન મુંબઈના ઉમેદવાર મિહિર કોટેચાને વિનોદભાઈએ ભાનુશાલી સમાજ વતી પ્રચંડ બહુમતિ સાથે વિજયી થવાની શુભેચ્છા પાઠવી છે.






# આર.આર.એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ વિજેતાઓ માટે સન્માન કાર્યક્રમ યોજાયો




આર.આર.એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.આર.ગ્લોબલ સ્કૂલ દ્વારા એમઆય જુનિયર ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં વિજેતા વિદ્યાર્થીઓ માટે સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્કૂલ મેનેજમેન્ટે તમામ વિદ્યાર્થીઓ, કોચ અને વાલીઓને તેમની મહેનત અને સમર્થન આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ડૉ.આર.આર.સિંહે ખેલાડી







વિદ્યાર્થીઓને વધુ સખત પ્રેકટિસ જારી રાખવા અને તેમને તમામ સહકાર આપવાનું વચન પણ આપ્યું હતું.

# જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન દ્વારા મુલુંડ ગ્રુપના પ્રેસિડેન્ટને પીન એનાયત કરાઈ




જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન (JSGIAN)ના પ્રેસીડન્ટ (પ્રથમ સેવક) અમિશભાઈ દોશી, વાઈસ પ્રેસિડન્ટ મનિષભાઈ દોશી, બોમ્બે રીજીયનની આન, બાન, શાન એવા સન્માનનીય પંકજભાઈ સંઘવી, બોમ્બે રીજીયનના પ્રેસિડન્ટ કિશોરભાઈ દોશી સાથે સમસ્ત બીઆરસી ટીમના પ્રોત્સાહક ભાવથી JSG મુલુંડને વર્ષ ૨૦૨૩-૨૪માં લગાતાર ત્રણવાર ગોલ્ડ મેડલ મળ્યા પછી પ્રોત્સાહન રૂપી પ્રેરણાથી બિરદાવવા માટે JSGian શ્રી અમિશભાઈ દોશી દ્વારા JSG મુલુંડના પ્રેસિડન્ટ જયંતીભાઈ મૈશેરીને ડાયમંડ પીન એનાયત કરવામાં આવી હતી. તે બદલ JSG ખૂબજ ગર્વની લાગણી અનુભવે છે.




નવા મેમ્બર્સ આવકાર્ય છે. બાલ્કની પણ ચાલુ છે. સંપર્ક પ્રમુખ જયંતીલાલ મૈશેરી - ૯૮૧૯૭૪૮૨૫૦, માનદ્મંત્રી દિલીપ શેઠ-૯૮૨૦૬૯૮૪૮, ડિમ્પલ કોરડીયા-૯૮૬૯૬૬૦૨૯૦

1st ANNIVERSARY

Banquet Capacity 100 To 200 People





1st ANNIVERSARY



પ્રથમ વર્ષમાં અમને આપેલા અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ મુલુંડની જનતાનો ખૂબ ખૂબ આભાર...

UDUPI TO MUMBAI
Pure Veg Multicusine Restaurant & Banquet

Near MTNL Shop No. 4,5,6, Samriddhi CHSL,
Madan Mohan Malaviya Road, Mulund (West), Mumbai - 400 080.
For Banquet Enquiries : +91 99677 07784 I +91 80978 09787
Banquet Menu For Home Delivery : 022 2561 9797 I 89848 20999 u2m.banquet@gmail.com Delivery Menu

# પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે દ્વારા કરાઈ ભાજપા સ્થાપના દિવસની ઉજવણી



ભારતીય જનતા પક્ષના ૪૪મા સ્થાપના દિવસ નિમિત્તે વોર્ડ ક્રમાંક ૧૦૪ના માજી નગરસેવક પ્રકાશ ગંગાધરેના કાર્યાલય ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું તે પ્રસંગે રાજકુમાર નાડાર, પ્રકાશ જાધવ, જતીન ચંદે, અભિજિત ઢોમસે, અશોક સાવંત, નાગરાજ આસાડ, દિલીપ ચૌધરી, સાનિકા ચવાણ, પારૂલ ખત્રી, જયા મોરે, હેતલ દોશી, રેણુ મહારાવ અને પદાધિકારીઓ હાજર હતા.

# વોર્ડ નં.૧૦૪ની મહિલા મોરચાની કાર્યકર્તાઓએ અબકી પાર ૪૦૦ પારના નારા લગાવ્યા



ઈશાન મુંબઈ જીલ્લા મહાયુતિના લોકસભાના ઉમેદવાર ધારાસભ્ય મિહિર કોટેચાના પ્રચાર માટે વિક્રોલી પૂર્વમાં કન્નરવાર નગરમાં મહિલા બૂથ સંમેલન માટે ભાજપા મહિલા મોરચા વોર્ડ ૧૦૪ ની મહિલા કાર્યકરો પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરેના કાર્યાલયથી મહિલા મોરચાના પદાધિકારી સાથે રવાના થયા હતા. આ અવસરે વોર્ડ અધ્યક્ષ રાજેન્દ્ર મોહિતે, મહિલા મોરચા વોર્ડ અધ્યક્ષા સાનિકા ચવાણ, મહામંત્રી પારૂલ ખત્રી, રોશની રાય, જયશ્રી બલ્લેગાર, સંતોષી, જયા મોરે ઈત્યાદિ મહિલા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને અબકી પાર ચારસો પાર ના નારા લગાવ્યાં હતા.






# મારી શાળા સુંદર શાળા અભિયાન હેઠળ મેઘધનુષ આર્ટ દ્વારા જીવી સ્કીમ ગુજરાતી શાળાનું સૌંદર્યીકરણ કરાયું



મહારાષ્ટ્ર શાસન દ્વારા મારી શાળા સુંદર શાળા અભિયાન શાળાઓમાં લાગુ છે જેમાં વિદ્યાર્થીની શૈક્ષણિક ગુણવત્તા વધારવા માટે જુદા જુદા ઉદ્દેશ્યો નિશ્ચિત કરવામાં આવ્યા છે. જે પૈકી એક ઉપક્રમ શિક્ષણ માટે પર્યાવરણપૂરક અને આનંદદાયી વાતાવરણની નિર્મિતિ કરવી છે. આ ઉદ્દેશને સાધ્ય કરવા રાષ્ટ્રીય રાજ્ય પુરસ્કાર પુરસ્કૃત શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન જયંતકુમાર શેઠે જીવી સ્કીમ ગુજરાતી શાળાની 'બોલકી ભીં તો' બનાવવાનું કાર્ય મેઘધનુષ આર્ટ ચલાવતા ભાવનાબેન રાજાવાઢા પાસેથી છેલ્લા એકાદ માસથી કરાવવાનું શરૂ કર્યું હતું. ભાવનાબેનને પોતાની મંડળી અને જીવી ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓની મદદથી શાળાની ભીંતો અને ફલકમાં રંગીન પ્રાણ પૂર્યા હતા. તૂટતી જતી ગુજરાતી શાળાના કપરા સમયમાં સૌપ્રથમ ડોનર સુંદરજી મુલજી શાહ ભામાશાના અનુદાનથી ૨૦૧૨-૧૩ થી એરોલીથી વિદ્યાર્થી માટે શરૂ કરી. ૨૦૧૪-૧૫ થી બેસ્ટ બસ સેવા શરૂ કરાવવાનું શ્રેય મેળવનારા તથા અનેક સન્માન અને એવોર્ડ મેળવનારા ભાવનાબેનનું કાર્ય ચાલુ રાખનારા ઇન્ચાર્જ શિક્ષિકા શ્રીમતી મીનાક્ષી રાજગોરે આજ દિવસ સુધી કાર્યરત રાખી છે. તા.૧ એપ્રિલને સોમવારના રોજ જીવી સ્કીમ ગુજરાતી શાળામાં તાત્કાલીન બી.ઓ. નરેન્દ્ર પરમાર તથા મીનાક્ષીબેન અને ભાવનાબેન શેઠ દ્વારા ભાવનાબેન રાજાવાઢાને તેમના કાર્ય બદલ આભાર પત્ર એનાયત કરાયો હતો. શ્રીમતી કલ્પનાબેનએ કાર્યક્રમનું સંચાલન કરેલ. શિક્ષકો શ્રીમતી રેખાબેન તથા હિતેશભાઈ પંડ્યાનો પણ સહકાર મળેલ.

# લાયન્સ ક્લબ ઓફ મુલુંડ દ્વારા કરાયેલ સેવા કાર્યોની વિગત









તા.૬ એપ્રિલ શનિવારના બિલ્ડીંગ સાઈટ લેબરોને બ્રેક ફાસ્ટ વિતરણ કન્ટ્રસ્ટશન સાઈટ પ્રેસ્ટિજ ટ્રેડ સેન્ટર, સ્વપ્ન નગરી, મુલુંડ વેસ્ટ સ્થળે ૩૦૦ કામગારોને રૂા.૧૨૬૦૦ કિંમતનો નાસ્તો અપાયો. આ સેવા પ્રોજેક્ટના ચેરપર્સન લાયન પિનાકી સારંગી હતા.

તા.૭ એપ્રિલ રવિવારના રોજ લાયન સ્પોર્ટસ પેવેલિયન સ્થળે જરૂરિયાતવાળાઓને, દિવ્યાંગજનોને અનાજ દાન તથા ડાયાલિસીસ કુપનનું વિતરણ કરાયું. ૧૦૦ રેગ્યુલર લાભાર્થી અને ૬૦ દિવ્યાંગજનોને અનાજ કીટનું વિતરણ કરાયું. સાથો સાથ ૧૪૦ ડાયાલિસીસ કુપનનું વિતરણ કરાયું. આમ કુલ્લ ૩૦૦ લાભાર્થી ઓએ આ સેવા પ્રોજેક્ટનો લાભ મેળવ્યો. સેવા પ્રોજેક્ટની કુલ્લ રકમ રૂા.૨,૭૮,૮૮૩ થઈ હતી. પ્રોજેક્ટના ચેરપર્સન લાયન પલ્લવી અગ્રવાલ અને લાયન નિમિષ શાહ હતા. પ્રોજેક્ટના માર્ગદર્શક બટુકભાઈ શાહ તથા લાયન ભવાનજી શાહ હતા. ડોનર તરીકે અનાજ હેમ્પરના લાયન મૃદુલા બટુક શાહ, લાયન જ્યોતિ ભવાનજી શાહ, પૂનાંજલિ ચેરિટેબલ ટ્રસ્ટ, સુષમા જોષી, જ્યારે ડાયાલિસીસ કુપનના ડોનર લાયન બટુકભાઈ શાહ અને લાયન્સ ડેન્ટલ ડિવિઝન હતા. ટીમ સહયોગી તરીકે લાયન રાજેશ મજેઠિયા, લાયન મોના શાહ, લાયન સુધાકર જોષી, લાયન નીલમ રાજદે, લાયન ગીતા ભીંડે, લાયન દિલીપ શિરગાંવકર, લાયન રોનાલ્ડ પિન્ટો, લાયન યોગેશ ઠક્કર, લાયન સચિન કુલકર્ણી, લાયન શૈલેન્દ્ર મિનોચા હતા.

ઉપરોક્ત બંન્ને સેવા પ્રોજેક્ટની વિગતવાર માહિતી સેક્રેટરી લાયન પુષ્પલ સંઘવીએ અખબારી યાદી દ્વારા જણાવી છે.

## તળાવોમાં પાણી તળિયે તે છતાં પાણી કાપ નહીં મુકાય : મનપા

મુંબઈને પાણીપુરવઠો પૂરો પાડતાં સાત જળાશયોમાં એકત્રિત પાણીનો સંગ્રહ ૩૦ ટકા સુધી આવી જવા છતાં પણ મહાનગરપાલિકા પાણીકાપ મૂકવાના મૂડમાં નથી અને એમ માને છે કે આ પુરવઠો ૩૧ જુલાઈ સુધી ચાલી શકે એમ છે. છેલ્લાં ત્રણ વર્ષમાં આ સૌથી ઓછો પાણીનો સંગ્રહ છે. ફેબ્રુઆરીમાં આ સંગ્રહ ૪૯.૩ ટકા અને માર્ચમાં ૩૪.૫ ટકા હતો અને એ સતત ઘટી રહ્યો છે.

ગત મંગળવાર સુધીની વાત કરવામાં આવે તો સાત જળાશયોમાં કુલ ૪.૩ લાખ મિલ્યન લીટર પર ડે (MLD) પાણીપુરવઠો છે, જે કુલ સંગ્રહ-ક્ષમતા ૧૪.૪૭ લાખ MLDના ૩૦ ટકા જેટલો છે. રાજ્યના સિંચાઈ વિભાગે ભાત્સા અને અપર વૈતરણાના રિઝર્વ સ્ટોકનો પણ ઉપયોગ કરવાની પરવાનગી આપી છે. આથી જૂન સુધી મુંબઈને પાણીપુરવઠાની સમસ્યા નથી. ૨૦૨૩માં મોન્સૂનની શરૂઆત મોડી થઈ હતી એટલે મહાનગરપાલિકાએ પહેલી જુલાઈએ ૧૦ ટકા પાણીકાપ મૂક્યો હતો, પણ ઑગસ્ટ સુધીમાં ૧૧.૮ લાખ MLD પાણીપુરવઠો એકઠો થતાં પાણીકાપ દૂર કરાયો હતો. ઑક્ટોબર સુધીમાં જળાશયોમાં પાણીપુરવઠો ૯૯.૨ ટકા સુધી પહોંચી ગયો હતો

## છાને પગલે પહેલી એપ્રિલથી વીજ દરમાં વધારો અમલમાં આવી ગયો

દક્ષિણ મુંબઈના ૧૦.૫ લાખ ગ્રાહકોને વીજળી પૂરી પાડતી બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સ્પલાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (BEST) પ્રશાસને પહેલી એપ્રિલથી વીજળીના દરમાં સરેરાશ ૨૦ ટકાનો વધારો કર્યો છે. BESTની સાથે જ તાતા, અદાણી અને મહાવિતરણ કંપનીની વીજળીના દરમાં વધારો કરવામાં આવ્યો છે. તમામ વીજળી કંપનીઓના દર ૧ એપ્રિલ ૨૦૨૪થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી લાગુ રહેશે.

વીજળી વિતરણ કંપનીઓના વીજળીના દરોની દર પાંચ વર્ષે સમીક્ષા થયા બાદ નવા દર લાગુ કરાય છે. હાલના દર ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫ માટે નિશ્ચિત કરાયા છે. આ દર વિશે ગયા માર્ચ મહિનામાં ફેર સમીક્ષા કરાઈ અને એ જ વખતે ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના દર જાહેર કરી દેવાયા હતા. એ મુજબ BESTનો વીજળી ચાર્જ, વધારાનો વહન ચાર્જ અને અન્ય દર સહિત મળીને વેરિએબલ ચાર્જના નામે રહેલા વીજદરની પહેલી બે શ્રેણીમાં મોટો વધારો કરાયો છે.

BESTની વીજળીના દર મુખ્યત્વે શૂન્યથી ૧૦૦ યુનિટ અને ૧૦૧થી ૩૦૦ યુનિટ વાપરનારા ઘરગથ્થુ ગ્રાહકોના વધારે વધ્યા છે. વધારે વીજળી વાપરનારા ગ્રાહકો પર નામ માત્ર વધારો થયો છે. ૫૦૦ યુનિટથી વધારે વીજળી વાપરનારા ગ્રાહકોના દરમાં ૩૩ પૈસાનો ઘટાડો થયો છે. બીજી તરફ ઉપનગરોમાં આશરે ૩૦ લાખ ગ્રાહકોને વીજપુરવઠો પૂરો પાડતી અદાણી ઇલેક્ટ્રિસિટીએ ખૂબ જ ઓછો ભાવ વધારો કર્યો છે. મુંબઈનાં બે ઉપનગરો અને થાણે સહિત આખા મહારાષ્ટ્રમાં વીજપુરવઠો પૂરી પાડતી મહાવિતરણે સરેરાશ પાંચથી ૬ ટકાનો ભાવવધારો કર્યો છે.

## શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દરિયાલાલ મંદિરે શ્રી દરિયાલાલ જન્મ જયંતિ ચૈત્રીબીજ ઉત્સવનું આયોજન



શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા દરિયાસ્થાન સ્ટ્રીટ વડગાદીના દરિયાલાલ મંદિરે તા. ૧૦ એપ્રિલના બુધવારે રોજે કુળદેવ શ્રી દરિયાલાલજીની ૮૫૧મી જન્મ જયંતિ ચૈત્રીબીજ-ચંદ્ર દર્શન ઉત્સવ ઉજવણીનું આયોજન કરાયું છે.

૧૬૨ વર્ષથી ઝળહળતી અખંડ જ્યોતના પુનિત સાંનિધ્યમાં થનારા ઉત્સવ કાર્યક્રમમાં સવારે ૭.૩૦ કલાકે પ્રાતઃ આરતી, સવારે ૧૦.૦૦ કલાકે ચોપાટી સમુદ્રતટે વિલ્સન કોલેજની સામે દરિયાપૂજન, બપોરે ૧૧.૩૦ કલાકે દરિયાસ્થાન મંદિર દ્વારે પૂજન યાત્રાનું સામૈયું, બપોરે ૧૨.૩૦ કલાકે મધ્યાહન આરતી બપોરે ૧ થી રાત્રે ૮ સુધી દરિયાલાલ દેગ, દડિયા પ્રસાદનું વિતરણ, સાંજે ૭.૩૦ કલાકે સાંય આરતી નો કાર્યક્રમ નિર્ધારિત છે.

આ ઉત્સવ પર્વ દિને અખંડ જ્યોતના શુભ શુકનમય દર્શન કરી પુનિત પ્રસાદનો લાભ સમસ્ત લોહાણા જ્ઞાતિજનો, આસ્થાળુ ભાવિક ભક્તજનોને હાર્દિક નિમંત્રણ શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ નીતિન ગોદાવરીબેન ગંગારામ ઠક્કર (પાંધી), ધાર્મિક સમિતિ કન્વીનર : શ્રી દિલીપભાઈ સોમૈયા, શ્રી પંકજભાઈ કારીયા, માનદ્ મંત્રીઓ : પંકજ ઠક્કર (ગણાત્રા), અમિત ઠક્કર (પાંધી) દ્વારા અપાયું છે.

## શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમનો ૧૨૩મા વર્ષમાં મંગળ પ્રવેશ

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમની સ્થાપના ૧૦ એપ્રિલ ૧૯૦૨માં થઈ. તા.૧૦ એપ્રિલના રોજ આ સંસ્થા ૧૨૨ વર્ષ પૂરા કરી ૧૨૩માં વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે. આજે આ સંસ્થા એક વટવૃક્ષ બની અડીખમ ઊભી રહી લોહાણા જ્ઞાતિના હજારો વિદ્યાર્થીઓનું અહીં ભણતર સાથે ઘડતર કરેલ છે. આ માટે સમસ્ત કચ્છી લોહાણા સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.

## મુંબઈમાં મતદાન દિવસે બંન્ને શેરબજાર બંધ રહેશે

મુંબઈમાં સોમવાર, તા.૨૦ મેએ લોકસભાની ચૂંટણી માટે મતદાન હોવાથી બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) બંધ રહેશે. બેઉ એક્સચેન્જોએ આ બાબતે જણાવ્યું હતું કે ૨૦ મેએ મુંબઈમાં મતદાન હોવાને કારણે રજા રહેશે અને ઇક્વિટી, ઇક્વિટી ડેરિવેટિવ્ઝ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઇંગ (SLB) માં કોઈ ટ્રેડિંગ નહીં થાય.



Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# સૂર્યા આયની ત્રીજી હૉસ્પિટલનું ભવ્ય ઉદ્‌ઘાટન







૪૩ વર્ષથી નેત્ર ચકિત્સામાં સેવા આપી રહેલા ડૉ. વિનોદ ગોયલ જેમની હૉસ્પિટલ સૂર્યા આય તરીકે પ્રખ્યાત છે. તેમની એક હૉસ્પિટલ મુલુંડ ખાતે પણ છે. તેમની ત્રીજી હૉસ્પિટલનું તા.૯ એપ્રીલ ૨૦૨૪ના રોજ ભવ્ય ઉદ્‌ઘાટન મુંબઈના બાંદ્રા ખાતે ગુડી પડવાના પવિત્ર દિવસે મુખ્ય અતિથિ તેમજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે, એડ. આશિષ શેલાર અને ઈશાન્ય મુંબઈના સાંસદ મનોજ કિશોર કોટક દ્વારા કરાયું હતું આ પ્રસંગે મુલુંડના જે.પી.શાહ તેમજ પંકજ છેડાએ હાજરી આપી હતી તે પ્રસંગની તસવીર.

# શ્રી મુલુંડ નાગરિક સભાની નવી ટર્મ માટે પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરાઈ



મુલુંડ ૧૦૦ વર્ષ જૂની સંસ્થા શ્રી મુલુંડ નાગરિક સભાની તાજેતરમાં યોજાયેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૪-૨૦૨૭ના ત્રણ વર્ષની મુદત માટે પદાધિકારીઓ તેમજ કાર્યકારિણી સમિતિની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. જેમાં શ્રી મુલુંડ નાગરિક સભાના ટ્રસ્ટ મંડળના અધ્યક્ષ પદ પર સંજય દૂબે, ચેરમેન ધીરેન્દ્ર શાહ, ઉપાધ્યક્ષ આર.ડી. યાદવ, મહામંત્રી જગદીશ મિશ્રા અને આનંદ અગ્રવાલ તેમજ ખજાનચી તરીકે અચ્છેલાલ પાંડેની વરણી કરવામાં આવી છે.

મેનેજીંગ ટ્રસ્ટીપદે જગજીવનભાઈ તન્ના તથા તથા ટ્રસ્ટીપદે રમેશ મોટવાની અને રવિન્દ્ર અગ્રવાલની વરણી થઈ છે. કાર્ય સમિતિના સભ્યો તરીકે હર્ષદ જોશી, સત્યમ દૂબે, પિનાકી સારંગી, અનિલ શુક્લા, વ્યંકટેશ ઐયર, સંતોષ વિશ્વકર્મા, હરિઓમ મિશ્રા, અનિલ સોમૈયા, તરૂણ મિશ્રા, રામદાસ સોનાવણે તથા સંદીપ બુકાણેનો સમાવેશ કરાયો છે.

૧૦૦ વર્ષ જૂની નાગરિક સભા મુલુંડ સ્મશાન ભૂમિ, લાયબ્રેરી, શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિરનું સંચાલન કરે છે. ટૂંક સમયમાં મેડિકલ સેન્ટર શરૂ કરવામાં આવશે. ૧૯૩૮માં આઝાદ હિંદ ફોજના સંસ્થાપક સુભાષચંદ્ર બોઝ મુલુંડમાં પધાર્યા હતા અને તેની યાદગીરી રૂપે શ્રી મુલુંડ નાગરિક સભાના પ્રયાસોથી નેતાજી સુભાષચંદ્ર રોડ (એન.એસ.રોડ)નું નામકરણ થયું હતું.

# મુલુંડ બાર એડવોકેટ એસોસિએશનની મિટીંગ યોજાઈ



એમસીસી કોલેજ પાસેની વિવિધ સરકારી ઈમારતો ઊભી છે ત્યાં બહુમાળી સૂચિત બિલ્ડીંગ માટે જમીનનું પઝેશન લેવા સંબંધી ચર્ચા વિચારણા કરવા ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં કોર્ટ રજીસ્ટ્રારએ શુક્રવાર, તા.૫ એપ્રિલના રોજ મુલુંડ બાર એડવોકેટ એસોસિએશનના ઓફિસ બેરર્સ અને સિનિયર એડવોકેટ્સ સાથે મિટીંગ યોજાઈ હતી. જેમાં મુલુંડના સિનિયર એડવોકેટ હર્ષદ દેસાઈ અન્ય એડવોકેટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉનાળો લઈને આવે છે ફળોનો રાજા-આમ્રફળ (કેરી)




*ઉનાળો આપણા સૌ દ્વારા સૌથી વધુ રાહ જોવાતું ફળ લાવે છે અને તે છે કેરી. શું તમે એવા લોકોમાંથી એક છો કે જેમને કેરી ખૂબ ભાવે છે પરંતુ વજન વધવાથી ચિંતિત છે? અથવા તમે એવા લોકોમાંથી એક છો કે જેઓ કેરીને પસંદ તો કરે છે પણ બ્લડ સુગર વધી જવાથી ચિંતિત છે?*

*કેરીમાં ફોલેટ, અનેક પ્રકારના બી વિટામિન્સ, વિટામિન એ, ફાઇબર અને વિટામિન સીઅને ઇજેવા એન્ટીઑક્સિડન્ટો હોય છે જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે, તેથી વજન કે બ્લડ સુગર વધી જવાની ચિંતાથી કેરી ન ખાવી એ ઉકેલ નથી.*

*એક ન્યુટ્રિશનિસ્ટ અને ફિટનેસ એક્સપર્ટ તરીકે, તમે તમારા મનપસંદ ફળનો આનંદ કેવી રીતે માણી શકો તેમજ વજન વધવાથી અને બ્લડ સુગરના સ્તરમાં વધારો થવાથી તમારી જાતને કેવી રીતે બચાવી શકો તે અંગે મારી પાસે વધુ સારા ઉપાયો છે.*

*અહીં કેટલીક ટીપ્સ આપી છે જે તમને તમારા મનપસંદ ફળનો આનંદ માણવામાં મદદ કરશે:*

*૧. કેરીની સાથે સાથે અન્ય ફળો જેમ કે મસ્કમેલન (ચીભડું), લીચી અને જાંબુનો આનંદ લેવાનું ભૂલશો નહીં જે આરોગ્યપ્રદ અને પોષણથી ભરપૂર છે.*

*૨. ભારતમાં, લોકો તેમના મુખ્ય ભોજનના ભાગ રૂપે કેરી ખાય છે. હું સૂચન કરીશ કે કેરીને મુખ્ય ભોજનનો ભાગ ન બનાવો. જેનો સાદો અર્થ એ છે કે નાસ્તા, લંચ અને ડિનરના ભાગરૂપે ફળ કેરી ન ખાઓ. તેના બદલે, તેને ખાસ ભોજન બનાવો.*

*૩. મુખ્ય ભોજન સિવાય દિવસનો અન્ય કોઈપણ સમય એ કેરી ખાવાનો શ્રેષ્ઠ સમય છે. અન્ય સમયે કેરીનો સ્વાદ વધુ સારો લાગશે કારણ કે ત્યારે અન્ય કોઈ પણ પ્રકારના સ્વાદની સ્પર્ધા નહીં હોય.*

*તો હવે પ્રશ્ન એ થાય છે કે કેરી ખાવાનો શ્રેષ્ઠ સમય કયો?*

*ઠીક છે, કેરી ખાવાનો શ્રેષ્ઠ સમય છે મધ્ય સવારનો નાસ્તો (mid-morning snack) અથવા સાંજનો નાસ્તો અને જેઓ એક્સરસાઈઝ કે વર્ક આઉટ કરે છે તેમના માટે તે વર્કઆઉટ પછીનો સંપૂર્ણ નાસ્તો હોઈ શકે છે જે તેમને ફરી ઉર્જા મેળવવામાં મદદ કરશે.*

*કેરીને સમજદારીપૂર્વક અને નિયંત્રિત પ્રમાણમાં ખાવી: આ એક એવું સિક્રેટ છે જે તમારી વજન કે બ્લડ સુગર વધી જવા જેવી ચિંતાઓને દૂર રાખશે.*

***૪. યોગ્ય ફળની પસંદગી કરો:***

*અ. કેરી સંપૂર્ણ પાકે તેના એકથી બે દિવસ પહેલાની પસંદ કરવી જેથી તે પાક્યા પછી અથવા મોટા ભાગના કિસ્સાઓમાં વધુ પડતી પાકી જાય પછી તેમાં થતા ફ્રુટ સુગરના વધારાને ટાળી શકાય.*


*બ. કેરીની વિવિધ જાતોમાં ભેદભાવ ન રાખીને, તમે કેરીની અન્ય જાતોનો પણ આનંદ માણી શકો છો.*

*૫. ટાઇપ ૨ ડાયાબિટીસ ધરાવતા અને વજન ઘટાડવાનો પ્રયાસ કરતા લોકો માટે સૌથી મહત્વની ટીપ એ છે કે આમરસ, મેંગો મિલ્કશેક અથવા ફ્રોઝન કેરી ખાવાનું ટાળો.*

*આ ટીપ્સને અનુસરીને, તે તમારું વજન અને બ્લડ સુગર લેવલ વધતું અટકાવો.*

*તમારા મનપસંદ ફળ સાથે ઉનાળાનો આનંદ માણો પરંતુ યાદ રાખો કે નિયંત્રિત પ્રમાણમાં અને સમજદારીપૂર્વક ખાવું એ આ ફળને યોગ્ય રીતે ખાવાની ચાવી છે, અકરાંતિયાની જેમ જ્યાફત ઉડાવશો નહીં.*

# મારા ડાયરીના થોડા પાનાં : દલિત સાહિત્યની ગહનતા




બાબા આંબેડકર વિચારોમાંથી પ્રેરણા લઈને દલિતો પોતાના ઉચ્ચ સમાજ બહિષ્કાર સામે લડત આપી હતી તેની વેદના, જુલમ સામે દલિત સાહિત્યનો જન્મ થયો. આ લેખકો નામ તેમને જણાવ્યું. દયા પવાર, નામદેવસાળ, રાજા ઢાલે, રામ કસ્બે, રામદાસ આઠવલે, રત્નાકર ગાયકવાડ, ભાલચંદ્ર મુંગેલકર, ભૂતપૂર્વ રાજ્યસભા મેમ્બર દલિત લેખક મારા મિત્ર રાજેન્દ્ર યાદવ. એક લેખ આપની સમક્ષ લખવાનું પ્રયાસ કરું છું.

પહેલા એક ખાસ પ્રકારનું શાસ્ત્રીય સાહિત્ય હતું હજી પણ તે કોલેજોમાં ભણાવવામાં આવે છે. એ સાહિત્ય ભૂતકાળ તરફ જોતું હતું. તેમાં અમુક જ સમાજની વાતો હતી. એ સ્થિર અને ગતિ હીન સાહિત્ય હતું. પોતે નક્કી કરેલી હદની બહાર તે કહી જતું ન હતું. અમને લાગ્યું કે બહારના સંદભ વિના સાહિત્યનું મૂલ્યાંકન કરી શકાતું નથી. તુલસીદાસનું મૂલ્યાંકન ફક્ત તેમની ચોપાઈઓના આધારે જ કરવામાં આવે છે. તો એ અધૂરુ બની રહે કેમ કે તેમની ચોપાઈઓમાં સમાજવાદ પણ તારવી શકાય છે. અને હિંદુત્વ પણ નીકળી શકે છે.

બધા પ્રકારની ચોપાઈ મોજુદ છે. પણ જોવાની વાત એ છે કે પાનાની બહાર સમાજ પર અથવા ઈતિહાસ પર તેની અસર છે? રામાયણ બહુ ઉત્તમ પ્રકારની સાહિત્ય કૃતિ હોઈ શકે છે. પણ અત્યંત સંકુચિત પ્રકારની હિંદુત્વના પ્રચાર કે ફેલાવામાં તેની જ ભૂમિકા છે. તેને આપણે રોકી શક્યા છીએ? આંધળી ભક્તિ કે પૂજાને અવગણીને ફક્ત તુલસીદાસની મહાનતા વિશે વાત થઈ શકે નહી. પંડિતો હજુ તુલસીનું રટણ કરીને કહે છે. તેમાં દલિત મુક્તિ છે.

સ્ત્રી મુક્તિ છે એ લોકો. ચોપાઈઓમાંથી મન માન્યા અર્થઘટનો કરી બતાવે છે. એટલે અમને અર્થઘટનો કરી બતાવે છે. એટલે અમને લાગ્યું કે સાહિત્યને સમજવું હોય તો હાંસિયામાં ધકેલાઈ ગયેલી તાકતોને પણ સમજવી પડે. જેમની ઉપેક્ષા કરવામાં આવી જેમને મહાન સાહિત્યક કૃતિઓમાં સ્થાન મળ્યું નહી. દલિતો, સ્ત્રીઓ, લઘુમતિઓ આ લોકોને સાહિત્યમાં પ્રવેશવાની પરવાનગી ન હતી. તેમના માટે વાંચવા લખવાનું તો દૂર રહ્યું. પાત્રો તરીકે પણ એ નથી આવ્યા. આવ્યા તો ખલનાયક, અસુરો કે રાક્ષસો તરીકે.

દેશની આઝાદીનું આંદોલન ગાંધીજીનો પર્યાય બની ગયું તે જન આંદોલન હતું. પણ આઝાદી પૂરી થતા તેનો અંત આવી ગયો. એ સમયમાં ભારતમાં ઘણા લોકો એવા હતા જેમણે અલગ દેશના સ્વરૂપ પોતાનો ભાગ લઈ લીધો. દલિત નેતા ડૉ.ભીમરાવ આંબેડકર અંગ્રેજોને સતત આગ્રહ કરતા હતા કે સામાજીક અસમાનતાની સમસ્યા ઉકેલ્યા વિના ઉજળિયાતોને રાજ આપશો નહીં.

આઝાદી ઉત્સાહમાં એવું માની લેવામાં આવ્યું કે સત્તા મળતા જ બધી સમસ્યાઓ હલ થઈ જશે. વાસ્તવમાં એવું બન્યું નહી. સમસ્યાઓ એ જ રહી પણ તેમનું સ્વરૂપ બદલાઈ ગયું એ સરકારી બની. કોંગ્રેસ દરેક સમસ્યાઓને સરકારી યોજનાઓનું સ્વરૂપ આપી દીધું પણ સરકારની અફસરશાહી બદલાઈ હતી એટલે સમાજ કલ્યાણના નામે બેફામ ભ્રષ્ટાચાર શરૂ થયો. આઝાદીના આંદોલન વખતે આંધળો વિશ્વાસ હતો કે સ્વતંત્રતા મળશે એટલે ભારતીય સમાજ અને દેશની બધી સમસ્યાઓ હલ થઈ જશે.

વામપંથીઓ પાસે એમનો અંધ વિશ્વાસ હતો કે ક્રાંતિ લગભગ ભગવાનનો પર્યાય બની ગઈ હ તી. દરેક બાબતનો એક જ જવાબ મળતો હતો. ક્રાંતિ થશે ત્યારે બધું બરાબર થઈ જશે. આંબેડકર અગાઉ સ્ત્રી ભણતર દલિત સમાજને જાગૃત કરીને પહેલા જ્યોતિબા ફુલે કરી હતી. એ કહેતા હતાં કે જ્ઞાનના અભાવે બુધ્ધિ શક્તિ ગુમાવી. સમજ શક્તિને અભાવે નૈતિકતા ગુમાવી અને નૈતિકના વગર ગતિશીલતા ગુમાવી દીધી. ગતિશીલતાના અભાવે નાણાં ગુમાવ્યાં અને નાણાના અભાવે દલિતો ડૂબી ગયા. આ તમામ દુઃખ જ્ઞાનના અભાવે ઉત્પન્ન થયું છે. તમારી પાસે સંવેદીન હૃદય હો તો દલિત સાહિત્ય તમારા મનને જકડી રાખે છે.


હાઈવે પર
છે મોટરો રેસમાં,
શ્રીમંતાઈની?

વાયરો બની
મહેકને પહોંચાડે,
સારા કર્મો જ!

પ્રભુ હું કણ
તમે સાગર, ડૂબી
પ્યાસ બૂઝાવું.

સંવેદનાના
સ્પર્શથી લીલું બન્યું
મનનું વૃક્ષ.

સૌના મનને
ઘાયલ કરે બાણ
ઈંદ્રધનુષી.










Unlimited Aamras Thali
₹650
Inclusive of all taxes
जरा चखके देखो!
Tip Top GRAND THALI RESTAURANT
Lunch: 11.30 am to 3.30 pm
Dinner: 7.30 pm to 11 pm
Hotel Tip Top Plaza, L.B.S. Marg,
Near Teen Hath Naka, Thane (W).
Tel.: 88793 12345/98333 78234/022 6793 5301/02
Menu can be changed at any time without prior notice
Order online on SWIGGY zomato
T&C apply
Impulse/04/24


Bake Live Studio
100% MULTIGRAIN AND WHOLE WHEAT BREAD
ENJOY FRESH, WARM BREAD DELIVERED EVERYDAY FROM 8AM TO 11PM
Baked fresh for each order
VEG
Girgaon Chowpatty- 08591306565
Colaba - 9029343535
Mulund- 08591407575
Images Used Are For Representation Purposes Only
• RICH IN FIBER • NO SUGAR • ZERO TRANS FAT • MADE FROM SUN FLOWER OIL


ગુર્જરમાત ફન ક્લબ
વિદ્યાર્થીઓ માટે ખાસ ઓફર
કોઈપણ નોટબુક
72 પેજ, 140 પેજ અને 172 પેજીસ
એક ડઝન પર એક ડઝન ફ્રી
BUY ONE GET ONE FREE
A-4 બુક
A-5 બુક
લોંગ બુક
જમ્બો બુક
B-3, Krishna Kunj, Valji Laddha Road,
Near Vikas Palazo & HDFC Bank, Mulund (West).
Contact : 98690 05403 / 93222 57731


જ્યોતિષ શીખો ફક્ત ચાર મહિનામાં
એ પણ તદ્દન નિઃશુલ્ક (મફત)
મુલુંડ અને ઘાટકોપર
ઋષીરાજ જ્યોતિષ પાઠશાળા દ્વારા જ્યોતિષ શિખવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે જ્યોતિષનો ૪ મહિનાનો કોર્સ લાવ્યા છીએ જે સંપુર્ણ ફ્રી છે.
મુલુંડ ખાતે
ગુરૂવાર, તા. ૧૧ એપ્રિલ ૨૦૨૪
સમય : બપોરે ૨.૩૦ થી ૪.૩૦
ઘાટકોપર ખાતે
મંગળવાર, તા. ૦૯ એપ્રિલ ૨૦૨૪
સમય : બપોરે ૨.૩૦ થી ૪.૩૦
રિફન્ડેબલ ડિપોઝીટ
વિદ્યાર્થીઓ પાસેથી રૂા. ૧૫૦૦/- ડિપોઝીટ તરીકે લેવામાં આવશે જે જ્યોતિષનો કોર્સ પુરો થયા બાદ પરત આપવામાં આવશે.
નોંધ : જે વિદ્યાર્થીની હાજરી ૭૫ ટકાથી ઓછી હશે તે વિદ્યાર્થીને રૂા. ૧૫૦૦/- ડિપોઝીટ પરત આપવામાં નહીં આવે.
Rushiraj
ઋષીરાજ જ્યોતિષ પાઠશાળા
મો : 81698 21580
98679 96627